વંચાણમાં લીધા -

(૧) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંક- અબડ/૧૦૨૦૧૬/૬૩૭૦૫/હ (IWDMS- 71550) તા. ૨૯/૪/૨૦૧૬

(૨) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંક- હસલ/૧૦૨૦૧૬/૬૩૭૦૫/હ (IWDMS- 71550) તા. ૨૩/૧૧/૨૦૧૬

(૩) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પત્રનં: પરચ/૧૫૨૦૧૭/૭૭૪૧૨૬/હ તા.૨૯/૦૩/૧૭

(૪) અત્રેની કચેરીના હિસાબીશાખાના આદેશનં: DSCW/AO/GRANT/P/1617/HO/BCK-General/369 તા: ૧૧/૦૩/૧૭

---

કુલપતિ 101 24 APR 2017 સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

SAURASHTRA UNIVERSITY RAJKOT - 360 005. INWARD NO. 20 25 APR 2017 U.G.C. / G.B.C. / / SECTION

To R

નં.અજાક ગ-૧/૧/૨૦૧૬-૧૭/ ૧૨૯૯-૧૩૦૦

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ

૪ /૨, ડૉ. જીવરાજ મહેતા ભવન

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તા. ૨૯/૩ /૨૦૧૭

INWARD DATE 25 APR 2017 796 Sau. Uni. Rajkot

## આદેશ

વંચાણ (૧) તથા (૨ ) પરના સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવોથી ભારત સરકારશ્રીના સામાજીક ન્યાય અધિકારીતા મંત્રાલય, ડૉ. આંબેડકર ફાઉન્ડેશન, દિલ્હીની ૨૦૧૧થી સુધારેલ ગાઇડ લાઇન મુજબ ડૉ. આંબેડકર ચેર ઉભી કરવા સુચન અન્વયે ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે યુનિવર્સિટીઓ દ્વારા વહીવટી માળખું ઉભુ કરી સેન્ટરોમાં બૌધ્ધિક શિક્ષણશાસ્ત્રીઓ વિદ્યાર્થીઓને આર્થિક, રાજનીતી, ધર્મ, તત્વજ્ઞાન બંધારણીય અભ્યાસ, સામાજિક કાર્ય, માનવ અધિકાર શિસ્ત વિષયો પર વિચાર વિમર્શ કરી રીચર્સ કરી સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે તથા શૈક્ષણિક પ્રશ્નોનુ નિરાકરણ થાય તથા શૈક્ષણિક વિકાસ થાય અને ચેરનો ઉદ્દેશ ડૉ. બાબા સાહેબ આંબેડકરના કાર્યો અને ફિલોસોપીના રીચર્સ ઉપરાંત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, લઘુમતિ, પછાતવર્ગો અને અન્ય સમાજના નબળા ભાગોના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવનના પ્રશ્નો માટેનો પણ છે.

ઉકત હેતુઓ માટે રાજયમાં નીચે મુજબની (પાંચ) યુનિર્વસિટીઓમા ડૉ. આંબેડકર ચેરની વર્ષ ૨૦૧૬-૧૭ માં થયેલ બજેટ જોગવાઇ રૂ।૧૭૫.૦૦/- લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

| અનુ.નં | યુનિવર્સીટીનુ નામ | ફાળવવાની રકમ રૂ. |
|---|---|---|
| (૧) | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ | રૂ. ૩૫.૦૦ લાખ |
| (૨) | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ | રૂ. ૩૫.૦૦ લાખ |
| (૩) | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | રૂ. ૩૫.૦૦ લાખ |
| (૪) | એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા | રૂ. ૩૫.૦૦ લાખ |
| (૫) | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત | રૂ. ૩૫.૦૦ લાખ |

UGC 24/4/17

Babasaheb Dr. B.R. Ambedkar Chair, Sau. Uni. Rajkot
In Ward No. 13
Date : 27/4/2017

નીચે મુજબનુ યુનિવર્સિટી મહેકમ ઉભુ કરીને જગ્યાઓ સરકારશ્રીના વંચાણ(૧)ના ઠરાવ મુજબ ભરવાની રહેશે.

| ક્રમ | હોદ્દો | વર્ગ | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | પ્રોફેસર (યુનિ.ના પ્રોફેસર સમકક્ષ ) | ૧ | ૧ | ૩૭૪૦૦-૬૭૦૦૦ ( ગ્રેડ પે ૧૦,૦૦૦) |
| ૨ | રીસર્ચ અધિકારી ( યુનિ.ના લેકચરર સમકક્ષ ) | ૧ | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦ ( ગ્રેડ પે ૫૪૦૦ ) |
| ૩ | સ્ટેનોગ્રાફર (ગ્રેડ સી) | ૧ | ૧ | ૯૩૦૦ - ૩૪૮૦૦ ( ગ્રેડ પે ૪૨૦૦) |
| ૪ | પટાવાળા | ૧ | ૧ | ૫૨૦૦ - ૨૦૨૦૦ ( ગ્રેડ પે ૧૮૦૦ ) |

પાંચેય યુનિવર્સિટીને રૂા. ૩૫.૦૦ લાખ લેખે રૂા. ૧૭૫.૦૦ લાખ ( અંકે રૂપિયા એકસો પંચોતેર લાખ પુરા ) નીચેની શરતોને આધીન રહીને હવાલે મુકવાના આથી આદેશ કરવામાં આવે છે.

(૧) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનુ પાલન કરવાનુ રહેશે.

(૩) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

(૪) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા. ૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/ ૨૦૦૩/ જીઓઆઇ/ ૧૦(પા.ફા.) ની જોગવાઇઓ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તાઃ ૦૧/૦૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૫) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૬) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનુ ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેંકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૭) ડૉ. આંબેડકર ચેરની નિમણુંક સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરામર્શમાં રહીને કરવાની રહેશે.

(૮) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૯) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૦) રાજય સરકાર દ્વારા વખતોવખતના નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની

દરખાસ્તની મુદત પુરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાંકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૨) સ્ટેનોગ્રાફર (ગ્રેડ-સી)ની જગા પ્રવર્તમાન ફીક્સ પગારથી ઉભી કરવા અને પટાવાળાની જગા સામાન્ય વહીવટ વિભાગના તા: ૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવ અન્વયે આઉટસોર્સ થી ભરવાની રહેશે.

(૧૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષની બજેટ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નં: | ૯૫ આયોજન |
| મુખ્ય સદર: | ૨૨૨૫ અનુ.જાતિ / આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ |
| પેટા મુખ્ય સદર: | ૦૧, અનુ.જાતિઓનુ કલ્યાણ |
| ગૌણ સદર: | ૨૭૭ શિક્ષણ |
| પેટા સદર: | ૪૦ બીસીકે – અનુ.જાતિ પેટા યોજના ડૉ. આંબેડકર ચેર |
| સ્કીમ નં: | ૧૩૩૯૧૨ |
| હેડ ચાર્જેબલ | ૨૨૨૫ ૦૧ ૨૭૭ ૪૦ |

<u>બેંક ખાતાની વિગત</u>

| Sr. No. | Vender/Party/Students Name | Address | Mobile No. | Bank Name, Branch | Bank Account No. | IFSC Code | Email | Pan No. | Cheque Type | Amount |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **1** | **Registrar Gujarat University** | **Gujarat University Navrangpura, Ahmedabad** | **9978408002** | **State Bank of India** | **10298776261** | **SBIN0002651** | - | **AAAJR0684D** | - | **35,00,000/-** |
| **2** | **Registrar Hemchadnracharya North Gujarat University** | **HNGU, University Road Patan** | **9925046203** | **State Bank of India** | **10863357761** | **SBIN0000450** | - | **AAALN0022B** | - | **35,00,000/-** |
| **3** | **Registrar Saurastra University** | **Saurastra University Rajkot** | - | **Central Bank of India** | **1340930735** | **CBIN0281313** | - | **AAALR0119D** | - | **35,00,000/-** |
| **4** | **The Registrar M S University of Baroda** | **MS University Baroda, Polytechnic Road, Vadodara** | **9879525381** | **Bank of Baroda** | **2010200000020** | **BARBOMSUNIV** | - | **AAAJT1030D** | - | **35,00,000/-** |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Registrar Veer Narmad South Gujarat University | University Campus, Udhana, Magdalla Road, Surat | 97234 33975 | Union Bank of India | 44340101 0029001 | UBIN054 4345 | - | AAETS 1168B | - | 35,00,000/- |

નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાનાઃ-

(૧) કુલપતિશ્રી, (યુનિવર્સિટી) (પાંચ) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

(૨) ~~પગાર અને હિસાબી~~ તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

(૩) એ.જી. કચેરી, રાજકોટ

(૪) રજીસ્ટ્રારશ્રી, (યુનિવર્સિટી) ( પાંચ ) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

(૫) હિસાબી અધિકારીશ્રી, વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ તેમજ ઉક્ત આદેશ અન્વયે સંબધિત યુનિવર્સીટીને રકમ તેઓના ખાતામાં જમા કરવા સારૂ.

નકલ સવિનય રવાનાઃ-

નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, ગાંધીનગર